# દૂષિત મન-અન્નનો ત્યાગ

આધ્યાત્મિકતાના આધાર પર જીવનનું ઘડતર થવું જરૂરી છે. એની કેટલીક આચારસંહિતા હોય છે. જેનાથી સાત્વિકતા અને શાશ્વતતાનું નિર્માણ થાય છે. એના કેટલાક સિદ્ધાંતો હોય છે, જે આપણને આપણા ધર્મગ્રંથોમાંથી મળે છે. એને અનુસરવું આપણી ફરજ બને છે.

મહાભારતમાં માધવ સ્વયં શાંતિદૂત બનીને દુર્યોધનને સમજાવવા જાય છે. જેમાં તેઓ પણ સ્વયં નિષ્ફળ બને છે. કારણ કે યુદ્ધ અનિવાર્ય હતું. નિશ્ચિત હતું. છતાં એને ટાળવાના પ્રયાસો તેમણે કર્યા છતાં તેઓ- ભગવાન સ્વયં પણ એને ટાળી શકયા નહોતા.આ વખતે દુર્યોધને કૃષ્ણને ભોજનનું આમંત્રણ આપ્યું જેનો શ્રીકૃષ્ણે અસ્વીકાર કર્યો, એ તો ઠીક પણ અસ્વીકાર કરતાં તેમણે દુર્યોધનને અસ્વીકારનું જે કારણ કહ્યું તે આજે હજારો વર્ષો પછી પણ પ્રત્યેક સંસારી માટે, આધ્યાત્મિકતાના અભિગમને અનુસરીને ચાલતા પ્રત્યેક શ્રદ્ધાળુ માટે અનુકરણીય છે.

શ્રીકૃષ્ણે દુર્યોધનને જણાવ્યું કે ''પ્રિય ભાઈ દુર્યોધન, જે કૃષ્ણે સ્વયં વિફળ બનાવી એમ સૌ સંસારીઓને, સૌ આધ્યાત્મિકતાના અભીપ્સુઓને કૃષ્ણ સમજાવે છે.

આપણાં અનેક શાસ્ત્રોમાં, સંતોનાં પ્રવચનોમાં, કથાકારોની કથાઓમાં પણ આપણે સાંભળ્યું છે કે જેને તેને ત્યાં ભોજન કરવું ન જોઈએ. ભોજન કયાં કોને ત્યાં થઈ શકે? જે વ્યકિત અધ્યાત્મપરાયણ હોય, ઈશ્વરાભિમુખ હોય એ તો ઠીક, પણ જેનું દિલ આપણા માટે સંપૂર્ણ આત્મીયતાથી સભર હોય, પ્રસન્ન હોય, પ્રેમપૂર્ણ હોય, એટલું જ નહીં, તેનું દિલ સંપૂર્ણ સ્વચ્છ અને સૌહાર્દપૂર્ણ હોય તેવી વ્યકિતને ત્યાં ભોજન લઈ શકાય.

'અન્ન તેવો ઓડકાર' કહેવત પ્રચલિત છે. આ કહેવતના અનુસંધાનમાં એમ કહેવાય કે જેનું મન દૂષિત છે. આપણા માટે તેના દિલમાં કોઈ ભાવ નથી તેવી વ્યકિતનું અન્ન ગ્રહણ કરવું ઉચિત નથી. પછી ભલે તે વ્યકિત અમીર હોય. દુર્યોધનનું મન દૂષિત હતું. આથી તેના અન્નનો કૃષ્ણે અસ્વીકાર કર્યો.

સામાજિકતાના સંદર્ભમાં વિચારીઓ તો આપણે આપણા સંસારવ્યવહારમાં ઘણા સારા-માઠા પ્રસંગોએ



**'અન્ન તેવો ઓડકાર' કહેવત પ્રચલિત છે. આ કહેવતના અનુસંધાનમાં એમ કહેવાય કે જેનું મન દૂષિત છે, આપણા માટે તેના દિલમાં કોઇ ભાવ નથી તેવી વ્યકિતનું અન્ન ગ્રહણ કરવું ઉચિત નથી**

ભોજન તો એની સાથે, એને ત્યાં જ કરી શકાય, જયાં જેમનું મન પ્રસન્ન અને આત્મીય હોય. આપણી વચ્ચે આત્મીયતા નથી. આપણું મન પણ પ્રસન્ન નથી. પછી હું તારા ભોજનનો સ્વીકાર કેવી રીતે કરી શકું? હું વિદુરને ત્યાં ભોજન લઈશ''. એમ કહી કૃષ્ણ દુર્યોધન પાસેથી ચાલ્યા ગયા.

આધ્યાત્મિકતાના અનુસંધાનમાં આપણે વિચારીઓ તો દુર્યોધન સમક્ષ શ્રીકૃષ્ણે પોતાની નારાજગી સ્પષ્ટ રીતે વ્યકત કરી છે તે સમજાય છે. આપણે વિચારીએ કે જયાં ભગવાન સ્વયં નારાજ હોય તે જીવનસંગ્રામમાં કેવી રીતે વિજયી થઈ શકે? કૃષ્ણ પાસેથી અઢાર અક્ષૌહિણી સેના મેળવી લઈને દુર્યોધનને ફાંકો હતો કે યુદ્ધમાં મારો તો વિજય જ છે. એટલું જ નહીં, કૃષ્ણને સંપૂર્ણપણે પોતાના પક્ષમાં લેવા માટે દુર્યોધને કૃષ્ણને ભોજનનું આમંત્રણ આપ્યું. દુર્યોધનને કલ્પના નહોતી કે કૃષ્ણ તેના આમંત્રણનો અસ્વીકાર કરશે પણ કૃષ્ણે આમંત્રણનો અસ્વીકાર કર્યો. એટલું જ નહીં, દુર્યોધન અહમથી અંધ બની ગયો હતો. છકી ગયો હતો. અહમના અંધકારમાં અટવાયેલો દુર્યોધન કૃષ્ણની નારાજગીને સમજી શક્યો નહીં. કહો કે એ સમજણ હોવા છતાં તેનો અહમ્ તેને તે સમજણ સ્વીકારવા દેતો નહોતો. વળી યુદ્ધમાં તેનો પરાજય પણ નિશ્ચિત હતો. એ કૃષ્ણના ભોજનના અસ્વીકારમાં જ સ્પષ્ટ વંચાતો હતો પણ તેનો અહમ તેને તે પણ સ્વીકારવા દેતો નહોતો. કદાચ દુર્યોધનની આ વ્યૂહરચના હતી

સગાં સંબંધીઓને ત્યાં જમવા જવાનો પ્રસંગ આવે છે તે આપણે ટાળી શકતાં નથી. આવા સમયે ભોજન ગ્રહણ કરતાં પહેલાં પરમાત્માને પ્રાર્થના કરીએ કે હે પરમાત્મા, આ અન્નના કણેકણમાં તારી દિવ્ય શકિત, પ્રેરણા, શ્રદ્ધાનો સંચાર કર. એમાં જે કોઈ દૂષિત તત્ત્વો કે ભાવ હોય તો તેનું નિવારણ કર. તારો પ્રસાદ સમજી હું આ અન્ન ગ્રહણ કરું છું પણ પહેલાં તું એ ગ્રહણ કર. આમ મનોમન, ભાણે બેઠા પછી, પ્રાર્થના કર્યા પછી જ એનો સ્વીકાર કરવો જોઈએ. પણ આ બાબત, આ હકીકત જયાં સમાજમાં, સંસારમાં અનિવાર્યપણે ભોજન કરવાનો પ્રસંગ ઉપસ્થિત થાય ત્યારે આ પ્રાર્થના કરવી જોઈએ એમ મારું માનવું છે.

**માધવ મલ્હાર**

**તપન ત્રિવેદી**

અન્યથા ઘરમાં જાતે બનાવેલી કે મા, પત્ની, બહેન કે દીકરીએ બનાવેલી રસોઈમાં જે ભાવ હોય છે તે બીજા કશામાં નથી હોતો. આથી બને ત્યાં સુધી બહારનું ભોજન ન કરવાનો આગ્રહ રાખવો જોઈએ. આજના આધુનિકતાના કેફમાં, હોટલમાં જમવા જવાની એક ફેશન થઈ પડી છે ત્યારે ખર્ચ અને સ્વચ્છતાનો પ્રશ્ન પણ ઊભો થાય છે. આપણી ઘણી બહેનોને ઘરમાં રસોઈ બનાવવાનો કંટાળો આવે છે ત્યારે પોતાનાં અને સૌ સ્વજનોના સ્વાસ્થ્યના સંદર્ભમાં આ કંટાળાનો ત્યાગ કરી ઘરનું ભોજન બનાવવાનો, ગ્રહણ કરવાનો આગ્રહ રાખવો જરૂરી છે. જયારે માધવ સ્વયં દૂષિત અન્નનો સ્વીકાર કરતા નથી ત્યારે આપણે સૌ સંસારીઓએ પણ તેમને અનુસરવું જરૂરી લાગે છે.



# દશ પ્રકારનાં પાપ હરતું - ગંગા દશહરા પર્વ

'ગંગા-ગંગેતિ યો બ્રુયાદ્ યોજનાનો શતૈરપિ, મુચ્યતે સર્વપાપેભ્યો વિષ્ણુલોકં ચ ગચ્છતિ' સ્કંદ પુરાણ ખંડ-3 બ્રહ્મખંડ (ધર્મારણ્ય ખંડ) અધ્યાય 31/7 (શ્રી રામ-ઋષિ વશિષ્ઠ સંવાદ અંતર્ગત સ્તોત્રમાંનો એક શ્લોક) 'જે વ્યક્તિ સેંકડો યોજનના અંતરેથી પણ 'ગંગા-ગંગા' એ રીતે શ્રી ગંગાજીના પવિત્ર નામનું ઉચ્ચારણ કરે છે તે શ્રી ગંગાજીના નામ મહાત્મ્યના પ્રભાવથી સમસ્ત પાપોથી મુક્ત થઈને શ્રી વિષ્ણુના લોકમાં જાય છે'.

પતિત પાવની ગંગાજીનો મહિમા દર્શાવતી અનેક સ્તુતિઓ શ્લોકો છે. જેમાંના એકનો ભાવાર્થ એવો છે કે,'જે મનુષ્ય સ્નાન માટે શ્રી ગંગાજી તરફ પ્રસ્થાન કરે છે ત્યારે તે વ્યક્તિનાં પાપ રડતાં-રડતાં પરસ્પર કહે છે કે, જુઓ! મનુષ્ય કેટલા કૃતઘ્ન હોય છે, જે જાતે જ કરેલાં અમારાં પાપોનો જ શ્રી ગંગાસ્નાન કરીને નાશ કરવાની મહેનત કરી રહ્યા છે.'

જેઠ સુદ દશમ ગંગા દશહરા તરીકે ઓળખાય છે. ટૂંકમાં પુરાણ કથા મુજબ રાજા ભગીરથ પોતાના પૂર્વજોના ઉદ્ધાર માટે કઠોર તપ કરીને મા ગંગાને પૃથ્વી પર લાવ્યા હતા. પતિત પાવની ગંગા માતાનો મહિમા શાસ્ત્રોમાં વર્ણવવામાં આવ્યો છે અને એથી જ માત્ર ગંગા દશહરા જ નહીં પરંતુ વાર, તહેવાર,પર્વ ઉત્સવો,ગ્રહણકાળ ઉપરાંત પણ ગંગાસ્નાન, ગંગા નામનો મહિમા સદૈવ છે. ગંગા દશહરા તેમનો અવતરણ દિન હોવાથી લાખોની સંખ્યામાં ભક્તો ગંગાજીના ઘાટો ઉપર ઉમટશે અને સ્નાન, દાન, પૂજન કરી પાવન થશે.

સ્કંદ પુરાણના કાશીખંડના પૂર્વાર્ધ માં શ્રી મહાદેવજી વિષ્ણુજીને શ્રી ગંગાજીનો મહિમા વર્ણવતા કહે છે કે, 'કળિયુગમાં કલુષિત ચિત્તવાળા, બીજાનું ધન પડાવી લેવાનો લોભ રાખનાર તથા વિધિ-વિધાન વગર કર્મ કરનારા મનુષ્યો માટે ગંગાજી સિવાય બીજી કોઈ ગતિ (ઉપાય) નથી. જે દૂર રહીને પણ ગંગાજીના મહિમાને જાણે છે અને ભગવાન ગોવિંદમાં ભક્તિ રાખે છે તે અયોગ્ય હોય તો પણ ગંગા તેના પર પ્રસન્ન થાય છે એટલું જ નહીં પરંતુ અનિચ્છાએ પણ પોતાના જળમાં સ્નાન કરનાર ગંગા મનુષ્યનાં પાપોને ભસ્મ કરી દે છે. સ્કંદ પુરાણ, કાશીખંડ પૂર્વાર્ધ 27/49 મુજબ, મંત્રોમાં ૐકાર, ધર્મોમાં અહિંસા, કમનીય વસ્તુઓમાં લક્ષ્મી શ્રેષ્ઠ છે. વિદ્યાઓમાં આત્મવિદ્યા અને સ્ત્રીઓમાં ગૌરીદેવી ઉત્તમ છે તે જ રીતે સંપૂર્ણ તીર્થોમાં ગંગાતીર્થ વિશેષ મનાય છે. પતિત પાવની ગંગા નદીમાં સ્નાન કરવા માટે તિથિ,નક્ષત્ર અને પૂર્વ વગેરે દિશાઓનો વિચાર નહીં કરવો જોઈએ કેમ કે ગંગામાં સ્નાન કરવા માત્રથી સમસ્ત સંચિત પાપોનો નાશ થઈ જાય છે. જે દરરોજ આદરપૂર્વક ગંગાજીના મહિમાનું ગાન, શ્રવણ, પઠન કે સ્મરણ કરે છે તેને ગંગાસ્નાનનું ફળ મળે છે. જેઠ મહિનામાં શુક્લ પક્ષની દશમી તિથિએ સંપૂર્ણ શાસ્ત્રોક્ત વિધિવિધાનપૂર્વક ગંગાજીનું પૂજન કરી,નૈવેદ્ય અર્પણ કરવાનો અને તે દિવસે સ્નાન, જપ, અન્નદાન, વસ્ત્રદાન, જરૂરતમંદને દાન, ઉપવાસ, ઉપાસના શ્રદ્ધાપૂર્વક કરનાર ભક્ત દશ પ્રકારનાં પાપોથી મુક્ત થાય છે. ગંગામૈયા શ્રદ્ધાળુ ભાવિક ભક્તોના ત્રણ કાયિક-(કાયા) દ્વારા કરવામાં આવેલા, ત્રણ માનસિક, ચાર વાચિક (વાણી) દ્વારા કરવામાં આવેલા એમ 10 પાપોનો નાશ કરતી હોવાથી 'ગંગા દશહરા' ઉત્સવ કહેવાય છે. આ 10 પાપોમાં આપ્યા વગર વસ્તુ લઈ લેવી, નિષિદ્ધ હિંસા,પરસ્ત્રી સંગમ આ ત્રણ દૈહિક પાપ મનાય છે.

કઠોર વચન બોલવા, જૂઠું બોલવું, ચાડીચૂગલી, નિંદા કરવી

**કઠોર વચન બોલવા, જૂઠું બોલવું, ચાડીચૂગલી, નિંદા કરવી અને ગમે તેમ અર્થહીન બક્વાસ કરવો એ વાણીથી થતાં ચાર પ્રકારનાં પાપ છે. બીજાનું ધન લઈ લેવાના વિચાર કરવા, મનમાં બીજાનું ખરાબ વિચારવું, અસત્ય વસ્તુઓનો આગ્રહ રાખવો- આ ત્રણ માનસિક પાપ કહેવાય છે**

અને ગમે તેમ અર્થહીન બક્વાસ કરવો એ વાણીથી થતાં ચાર પ્રકારનાં પાપ છે. બીજાનું ધન લઈ લેવાના વિચાર કરવા, મનમાં બીજાનું ખરાબ વિચારવું, અસત્ય વસ્તુઓનો આગ્રહ રાખવો- આ ત્રણ માનસિક પાપ કહેવાય છે.

ગંગા દશહરાએ વિધિપૂર્વક પૂજન અને સ્નાન કરતી વખતે ગંગા સ્તોત્રનો દસ વખત પાઠ કરવો ઉત્તમ ફળદાયી ગણાય છે. ગંગા દર્શન, સ્પર્શ, જલપાન તથા તેમાં સ્નાન કરવાથી તેમ જ ગંગાજીના તટની માટી મસ્તક પર લગાવવાથી ભક્તના પુણ્યમાં વૃદ્ધિ અને પાપનો નાશ થાય છે.

ગંગાદર્શન, જલપાન, સ્નાનની ઈચ્છા સ્વાભાવિક રીતે જ દરેક ભાવિક ભક્તની હોય છે પરંતુ સમય, સંજોગો સહિતની અનેક પ્રતિકૂળતાઓને કારણે તે શક્ય ન હોય તો કંઈક એવા જ સંદર્ભમાં અગસ્ત્ય મુનિએ પૂછ્યું હતું કે, 'બીજો કોઈ ઉપાય પણ છે? જે થકી ગંગાસ્નાન ફળ મળી શકે?' ત્યારે સ્કંદે કહ્યું કે,'એક પરમ રહસ્યમય સાધન મહાપાતકોનો પણ નાશ કરી શકે એવું છે અને તે છે 'ભગવતી ગંગાનું સહસ્ત્રનામ સ્તોત્ર' જે સંપૂર્ણ ઉત્તમ સ્તોત્રોમાં શ્રેષ્ઠ છે. જપયોગ્ય મંત્રોમાં સર્વોત્તમ છે અને વેદોના- ઉપનિષદ ભાગ જેવું જ મનન કરવા યોગ્ય છે. સાધકે મૌન રહી તેનો જપ કરવો જોઈએ. પવિત્ર સ્થાને સ્વયં પવિત્ર ભાવથી બેસીને સુસ્પષ્ટ રીતે તેનો પાઠ કરવો જોઈએ.

**ધર્મ મર્મ**

**શ્રીજીવ વ્યાસ**

ગંગાસહસ્ત્રનામના પાઠ સર્વ પાપોનો નાશ અને સંપૂર્ણ વિઘ્નોનું નિવારણ કરે છે. તમામ સ્તોત્રોના જપથી આ જપ શ્રેષ્ઠ છે.

પવિત્ર કરનારી વસ્તુઓને પણ પવિત્ર કરે છે. શ્રદ્ધાપૂર્વક પાઠ કરવાથી મનોવાંછિત ફળ આપે છે. ધર્મ, અર્થ, કામ અને મોક્ષ ચારેય પુરુષાર્થની પ્રાપ્તિ કરાવનાર ગંગાસહસ્ત્રનામ ગણાયું છે. આયુષ્ય અને આરોગ્યની વૃદ્ધિ કરે છે તથા સિદ્ધિપ્રાપ્તિ સરળ બનાવે છે. ગંગાદશહરાની ઉજવણી ગંગાતટ સિવાય પણ દેશભરમાં મંદિરોમાં ગંગાજલ ભરેલા કળશનું પૂજન કરીને ભક્તોને ગંગાજળનું આચમન કરાવવાની પરંપરા છે. 'ઈદં ન મમ'